**ભાવનગરની શ્રમ અદાલત નં. ૨ ના ન્યાયાધીશ (એસ.ડી.) તથા અધિક ચીફ જયુડી. મેજી.ની અદાલત, ભાવનગર.**

ફોજદારી કેસ નં. ૪૩ / ૨૦૨૬
આંક :

નામદાર સરકારશ્રી તરફે,
શ્રી એમ.એ.મેણાત.
કારખાના નિરીક્ષક,
મદદનીશ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,
ટી–૮/બી, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન–૨,
નિલમબાગ પેલેસ રોડ, ભાવનગર–૩૬૪૦૦૧.
ફોન નં./ફેક્સ નં.૦૨૭૮–૨૪૨૮૪૭૩.

...ફરીયાદી

**વિરૂધ્ધ**

શ્રી અર્ચિતભાઈ કે.અમીન (કબ્જેદાર)
અર્ચિત ઓર્ગેનોસીસ લીમીટેડ (સંસ્થા)
સર્વે નં.૨૨૮/૧ એ, પૈકી ૭ પૈકી ૨ નિરમા કેમિકલ કોમ્પ્લેક્ષની સામે,
નર્મદ, ભાવનગર.
રહે.૩૮૭, સત્યાગ્રહ છાવણી, લેન નં.–૧૭, સેટેલાઈટ રોડ, અમદાવાદ.
મો.૯૯૦૯૦૧૭૭૩૫.
ઈમેઈલ. sales@architorg.com

...તહોમતદાર

ગુન્હો : ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ ના નિયમ-૬૧-(૯) (બી) ના ઉલ્લંઘન સબબ ફરીયાદ

આરોપી તરફે : વિ.વ.શ્રી પી.ડી.સોલંકી.

**<u>ચુકાદો</u>**

(૧) ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, કારખાનામાં રાખેલ વર્ટીકલ એર રીસીવરમાં વાતાવરણના દબાણ કરતા વધારે દબાણ હવા સંગ્રહવામાં આવે છે. આમ, આવા એર-રિસીવરને ગુજરાત કારખાનાના નિયમો-૧૯૬૩ ના નિયમ-૬૧ મુજબ દર ૬ માસે બહારથી, દર ૧૨ માસે અંદરથી અથવા દર ૨ વર્ષે સક્ષમ વ્યક્તિ પાસે હાઈડ્રોસ્ટેટીક ટેસ્ટ કરાવવાનો હોય છે. આવી તપાસના રીપોર્ટ ફોર્મ નં.૧૧ મુજબ

નિભાવવાના હોય છે. જે અમારી મુલાકાત સમયે માંગતા રજૂ ન કરીને/ રજૂ ન કરાવીને કારખાનાના કબ્જેદારશ્રીએ ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ ના નિયમ-૬૧-(૯) (બી) નો ભંગ કરેલ છે. આથી, તહોમતદાર સદરહું કારખાનાના કબ્જેદાર હોવાથી ફરીયાદીએ તહોમતદાર વિરૂધ્ધ સદરહુ ઉપરોક્ત નોંધેલ કલમના ઉલ્લંઘન સબબ કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૯૨ સબબ શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલ હોવા સબબ ફોજદારી ફરીયાદ રજુ કરેલ, જે ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે ઉપરોક્ત નંબરથી નોંધાયેલ છે.

(૨) તહોમતદારને સમન્સ ઈસ્યુ કરવામાં આવતા **<u>તહોમતદાર તરફે તેમના અધિકૃત વ્યક્તિ અધિકારપત્ર સાથે ઉપસ્થિત થયેલ છે અને ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરેલ છે.</u>** સજાની જોગવાઈની સમજ આપ્યા બાદ પણ ગુન્હા કબુલાતને તહોમતદારના અધિકૃત વ્યક્તિ વળગી રહેલ છે, બાદ તેમનું નિવેદન નોંધવામાં આવતાં સદરહુ નિવેદનમાં પણ ગુન્હાની કબુલાત કરેલ છે. આ ગુન્હા કબુલાત સ્વૈચ્છિક રીતે કરવામાં આવેલ હોવાની ખાતરી કરવામાં આવેલ છે. તહોમતદાર તરફેના અધિકૃત વ્યક્તિએ શ્રમયોગીના વળતર ચુકવવા સબબની કાર્યવાહી સંસ્થા દ્વારા કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.ગુન્હા કબુલાત પુરસીસમાં તહોમતદારનો આ પ્રથમ ગુન્હો છે અને ભવિષ્યમાં આવો ગુન્હો નહીં થાય તેની ખાતરી આપી, રહેમ રાખી ન્યુનતમ શિક્ષા કરવા વિનંતી કરેલ છે.

(૩) ઉપરોક્ત રજુઆત, ફરીયાદની હકીકત અને સંજોગો, તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો લક્ષ્ય પર લઈ તેમજ સ્વૈચ્છીક ગુન્હા કબુલાત લક્ષ્ય પર લેતાં અને નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર(૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯) નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષ્યમાં લેતાં તહોમતદાર તરફેની કબુલાત પુરસીસ નજરે હાથ પરના કિસ્સામાં માત્ર દંડ

ભરપાઇ કરવાની સજા ફરમાવવી ન્યાયોચીત જણાતું હોઇ નીચે મુજબ આખરી હુકમ ન્યાયનાં હિતમાં ફરમાવવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ ૨૭૫ ની જોગવાઈ અન્વયે તહોમતદારને ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ ના નિયમ-૬૧-(૯)(બી) ના ઉલ્લંઘન સબબ કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૯૨ સબબ તકસીરવાન ઠરાવી તહોમતદારને **રૂા.૫૦૦૦/– (અંકે પાંચ હજાર પુરા)** દંડ ભરપાઇ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે. ઉપરોક્ત હુકમ મુજબ દંડ ભરપાઇ કરવામાં કસુર થયેથી તહોમતદારને દિવસ–૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

-------------------------------------------

તા.૧૪/૦૩ / ૨૦૨૬
સ્પેશિયલ સીટીંગ
શ્રમ અદાલત,ભાવનગર

(નિતીનકુમાર અમૃતલાલ બ્રહ્મભટ્ટ)
અધિક ચીફ જ્યુડી.મેજી.
શ્રમ અદાલત નં.૨,ભાવનગર.
જીજે–૦૧૧૭૦

એન.ડી.ચૌહાણ(પી.એ.)